# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

''પંડિત દીનદયાળ ભવન'', ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૦૨/૦૪/૨૦૧૮

તંત્રીશ્રી,

.................................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.

**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

**પ્રસાર માધ્યમોમાં આપણા પ્રાણપ્યારા દેશમાં વિદ્યમાન સમયમાં રાજકીય, સામાજિ, શૈક્ષણિક તેમજ ધાર્મિક ક્ષેત્રોમાં જે માહોલ છે તેના અહેવાલો પ્રસિધ્ધ થઈ રહ્યા છે તે વાંચી તેમજ સાંભળી કોઈપણ રાષ્ટ્રપ્રેમી નાગરિકને અચૂક ચિંતાની અનુભૂતિ થયા વિના રહે નહિ. પારસ્પરિક સહકાર સ્નેહ, ઔદાર્યનો સુયોજિત સંગમ કે સેતુને બદલે વિછિન્નતા અપમાન, તિરસ્કારના જ દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ''શું થશે આપણા દેશનું ?'' જેવા ઉદ્‌ગારો નીકળી પડે છે.**

**ગૌ, ગંગા, ગાયત્રી અને ગીતાનો આ દેશ, માં, માતૃભાષા, માતૃભૂમિ અને માતૃસંસ્થાના મહત્વને સ્વીકાર કરનાર આ દેશ, યમને પણ સાત પગલાં ચાલીને મહાત કરનાર સતિ સાવિત્રીનો આ દેશ ''મેરી ઝાંસી નહિ દુંગી'' એમ કહેનાર વીરાંગના લક્ષ્મી બાઈનો દેશ,**

You give me blood, toil and tears I will give you victory" એવું વચન આપના સુભાષચંદ્ર બોઝનો આ દેશ, દેશની સંસ્કૃતિ, સભ્યતા, સાહિત્ય અને સંસ્કારનું માન જળવાઈ રહે તે માટે મથતા દેશપ્રેમીઓનો દેશ, શું સાચેજ અવનતિના પતનના પંથે છે ? ના, ના, ના, એવું તો બનેજ નહિ કારણકે સાત ચિરંજીવીઓ હનુમાનજી, પરશુરામ, કૃપ, બલિ, અશ્વસ્થામા, વ્યાસજી, વિભષણ એવું નહિ જ થવા દે.

પ્રત્યેક ભારતપ્રેમી નાગરિકે પ્રભુની સાક્ષીએ સંકલ્પ કરવો જોઈએ કે રાષ્ટ્ર મહત્વનું છે અને તેને કોઈ પણ રીતે નુકશાન થાય એવું કોઈ કૃત્ય કરીશ નહિ. મહાત્મા ગાંધી, લાલ બહાદૂર શાસ્ત્રી, શ્યામા પ્રસાદ મુખરજી, પંડિત દીનદયાળજી, મંગળ પાંડે, આત્માનંદ રાસ્વતી વગેરેએ જે મૂલ્યવાન ભેટ ધરી છે આ દેશને તે સાચવવા પ્રયત્ન કરવો જ રહ્યો.

ભાજપનો સ્થાપના દિન તા. ૬ એપ્રિલે છે ત્યારે ચાગલાજીએ આદરણીય અટલજી વિશે ભવિષ્યવાણી ઉચ્ચારી હતી તે સાચી પડી હતી તે યાદ કરી આપણે અટલજીના શબ્દો યાદ કરતા રહીએ. ''અંધેરા હટેગા, સુરજ નિકલેગા, કમલ ખીલેંગા'' અને યાદ રાખીએ કે યહાં ના જાતિવાદ ન પ્રાંતવાદ યહાં સીર્ફ રાષ્ટ્રવાદ.

**ભારત માતા કી જય**